R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-22 • ISSUE: 08 DATE: 23-02-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( ) ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિચી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭



ન્યુ દિલ્હીમાં કારીતાસ દ્વારા મહિલાઓને કાયદા દ્વારા કેવી રીતે સલામતી બક્ષી શકાય, સીવીલ સોસાયટીમાં મહિલાઓ સામે થતી હિંસાને કેવી રીતે નાથી શકાય,કૌટુંબિક હિંસાને રોકી શકાય,નોકરીની જગ્યાઓ પર કે સમાજમાં તેને કેવી રીતે રક્ષણ આપી શકાય ,વિવિધ મુદ્દાઓ પર ૬૦ જેટલા કાલીતાસના નેટવર્કીંગ પાર્ટનર એકઠા મળ્યા હતા અને આ બાબતે ચર્ચોઓ કરી હતી.

## ભુખને ભગાડો એક નવી ચળવળ ગરીબી સામે લડવાની છે



વિશ્વવ્યાપી ચળવળ જેમાં બીલ ગેઈટ્સ,આર્ચબિશપ ડેસમંડ ટુટુ,ઈગ્લેન્ડના ચર્ચો,ટીયર્સફંડ,ક્રિશ્ચિયન એઈડ,બોન્ડ,ઓક્સફામ અને સેવ ધ ચિલ્ડ્ન જેવા જોડાયેલા છે તેમણે એકઠા મળીને યુવાન લોકોને હાકલ કરી હતી કે ૨૦૨૫ સુધીમાં ભુખને ભગાડીને દરેકને ખોરાક મળી શકે તેવું આયોજન કરો.ફુડની અછત નથી,દરેકને મળી શકે તેટલુ ફુડ વિશ્વભર માં છે. આવનારા પંદર વર્ષોમાં વિકાસશીલ દેશોમાં બાળકોની ભુખ દુર કરવા માટે ૭૮ બિલિયન ડોલરનું બજેટ જોઈશે.રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ૯૩૭ મીલીયન બાળકો જેમની ઉંમર ૧૫ થી ૪૦ વર્ષની છે તેમને તેમના બાળપણની ભુખ કનડશે. ભુખને ભગાડી શકાય છે જો જે તે સરકારો તેમણે આપેલા વચનો પરિપુર્ણ કરે તો તે શક્ય છે.ડેવીડ કેમરુન જે યુકે જી ૮ના પ્રેસિડેન્ટ છે તેઓ વિશ્વના નેતાઓને સંબોધશે જેમાં ભુખના જડમુળમાંથી કાઢી મુકવા માટેના વિચારો હશે.૧૯૯૦ બાદ દરેક દિવસે ભુખના કારણે વિશ્વ ૧૪ હજાર બાળકો ગુમાવે છે.

આમ વિશ્વભરમાં કાર્ય કરતી મોટી એનજીઓ સાથે બીલ ગેઈટ્સ અને આર્ચ બિશપ ડેસમંડ ટુટુ જોડાયેલા હોઈને આ ચળવળને વેગ મળ્યો છે. અને તેમના કારણે જે તે વિકાસ કરી રહેલા દેશો પણ તેમાં રસ લઈ રહ્યા છે.જો સરકારો આ બાબતે રસ લે તો કાર્ય કરતી સંસ્થાઓને વધુ મદદ મળી શકે.

## યુપીએ સરકારે એક પછી એક પગલાં લેવા શરુ કર્યા

કેન્દ્રની યુપીએ સરકારે એક પછી એક કડક પગલાં લેવાની દિશામાં આગં કદમ શરુ કર્યા છે.વિરોધ પક્ષો જેને સતત મમરાવતા રહેતા એવા પ્રશ્નો પર ચુપકીદી સાધીને યુપીએ સરકારે તે કામો નો અંજામ આપી દીધો છે. સહુ પ્રથમ યુપીએ સરકારે મુંબઈ બ્લાસ્ટ હુમલાના આરોપી ફાંસી આપી દીધી, ત્યાર બાદ ડીઝલના ભાવોને છુટા કર્યા,ત્યારબાદ સંસદના હુમલાના માસ્ટર માઈન્ડ ગણાતા એવા અફઝલ ગુરુને ફાસી આપી દીધી.અફઝલ ગુરુને ફાંસીનો મુદ્દો બીજેપીએ હંમેશા ચગાવવા અને તેનાથી ચુટણીલક્ષી લાભ લેવા પ્રયત્ન કર્યો હતો તેને બેખુબીથી પાર પાડી દીધો છે.આમ યુપીએએ પોતાને કામ કરતી અને અગત્યના નિર્ણયો લેતી સરકાર ઠેરવવાનો પ્રયત્ન કર્યો છે.

બળાત્કાર માટે વટહુકમ દ્વારા કાયદાને પ્રસ્થાપિત કર્યો છે. તેમજ લોકપાલ બિલને પણ આ સત્રમાં લાવવાની કોશીશ છે.તેમણે ભલે વિરોધ પક્ષોની માંગણી અનુસાર તેને કરવાની કોશીશ કરી ના હોય, પરંતુ તે અંગે ખાસ કાર્ય કરવાની કસરતો તો કરી છે તે અંગે ના પાડી શકાય તેમ નથી.જો કે ચુંટણીલક્ષી તમામ પ્રયત્નો સરકાર કરશે તેવું હવે લાગે છે.

## ખ્રિસ્તીઓની સતાવણીના ૧૩૧ કેસો વર્ષ ૨૦૧૨માં નોધાયા :રીપોર્ટ




ક્રિશ્ચિયન ગ્રુપ દ્વારા જારી કરવામાં આવેલા એક રીપોર્ટમાં જણાવાયું હતું કે ૨૦૧૨ના વર્ષ દરમિયાન દેશમાં ખ્રિસ્તીઓ પર જે હુમલાઓ કરવામાં આવ્યા તેમાં મોટા ભાગના હુમલાઓ હિદું કટ્ટરવાદી સંગઠનો દ્વારા કરવામાં આવ્યા હતા.વાર્ષિક ક્રિશ્ચિયન પર્સીક્યુશન રીપોર્ટ રીચાર્ડ હોવેલ,દિલ્હી સ્થિત ઈવેન્જલીકલ ફેલોશીપ ઓફ ઈન્ડીયા દ્વારા જારી કરવામાં આવે છે.આ રીપોર્ટને અબ્રાહમ મથ્થાઈ, પ્રેસીડેન્ટ ઓફ ઈન્ડીયન ક્રિશ્ચિયન વોઈસ, દ્વારા મુંબઈમાં જારી કરવામાં આવ્યો હતો.

રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે કર્ણાટક રાજ્ય દેશમાં સૌથી વધુ હુમલા કરવાનો આંક ધરાવે છે. ત્યારે બાદ છત્તીસગઢ( ૨૧),મધ્યપ્રદેશ (૧૮ અને મહારાષ્ટ્ર (૫) આવે છે.પછાત અને આદીવાસી ખ્રિસ્તીઓ સામે થતાં ગુનાઓ પોલીસ છાવરે છે.જો પોલીસ દાઉદ ઈબ્રાહીમ અને છોટા રાજન જેવા મોટા ગેન્ગસ્ટરોને કાઢી મુકી શકતી હોય તો તેઓ આ હિંદુ કોમવાદી સંગઠનો પર કેમ કાર્ય કરતી નથી. શ્રી મથ્થાઈ આ કહ્યું હતું.

આ પ્રોગ્રામમાં મહાત્મા ગાધીના પૌત્ર તૃષાર ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.મહારાષ્ટ્રના જાવહર,મોખંડા, અને વાડા (થાના માં) આવેલા છે ત્યાંના આદીવાસીઓને તેમના ક્ષેત્રમાં થઈ રહેલા હુમલાઓની સાક્ષી આપવા માટે બોલાવાયા હતા.જો કે આ બાબતે જાવહર અને મોખંડાના પોલીસ અધિકારીઓએ આદિવાસીઓએ કરેલા આરોપો અને ફરિયાદને સ્વીકાર્યા નહોતા.તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૨માં અમારા વિસ્તારોમાંથી કોઈપણ ફરિયાદ આવી નથી.કારણકે આ વિસ્તારોમાં સમરસ ગ્રામ પંચાયતો બની છે.તેથી આ ફરિયાદો ખોટી છે.

## અલ્હાબાદ ખાતે ત્રિવેણી સંગમમાં મૌની અમાવસ્યાએ સ્નાન કરવા આવેલા લોકો દોડધામનો ભોગ બન્યા

દર ૧૨ વર્ષે ભરાતા કુંભમેળામાં પવિત્ર સ્નાનવિધિ પુર્ણ કરીને પરત થતા લોકો રેલ્વે સ્ટેશન પર થયેલ દોડધામનો ભોગ બનતાં ૨૪ જેટલી વ્યક્તિઓએ પોતાના જાન ગુમાવ્યા હતા.સત્તાવાર આંકડાઓ મુજબ મૌની અસાવસ્યાના અવસરે ૩૦ મીલિયન જેટલા લોકો દેશભરમાંથી અહીયા સ્નાન કરવા આવે છે.ગંગા, યમુના અને સરસ્વતી નદીના ત્રીવેણી સંગમમાં ડુબકી મારીને પોતાની જાતને ધન્ય અનુભવે છે.



**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

યુપીએ સરકારની કઠણાઈઓ એક પછી એક વધતી જાય છે.માંડ માંડ એકને હટાવે ત્યાં બીજી હાજર થઈ જાય.પાછી નવી કઠણાઈ હેલીકોપ્ટર સોદાની આવીને ઉભી રહી ગઈ છે.ઈટાલીમાંથી ખરીદાયેલા હેલીકોપ્ટરના સોદામાં કટકી થઈ હોવાનું જાણવા મળ્યું છે.ભાજપના હાથમાં કંઈ બાબત આવે એટલે તુટી પડવાનું,આગળ પાછળનું ધ્યાન નહી કરવાનું અને પાછળથી પસ્તાવાનું.આ સોદામાં પણ એમજ બફાયું છે.ઈટાલીના હેલીકોપ્ટરની ખરીદી અને તેમાં કટકી, એટલે સોનિયા ગાંધીને નિશાન અચુકથી કરાય.પરંતુ તેમાં કંઈક ઓર બાબતો સામે આવી છે અને હવે ભાજપ એ બાબતે ફુંકી ફુંકીને ચાલ ચાલી રહ્યું છે.મોઘવારી દિવસે દિવસે વધતી ચાલી છે તેમાંય પેટ્રોલ અને ડીઝલના ભાવ વધારાએ સામાન્ય પ્રજાને વધુ કકળાટ કરતી કરી મુકી છે.જોઈએ તો પેટ્રોલ ડીઝલના ભાવમાં છેલ્લા બે વર્ષમાં અસહ્ય વધારો કરવામાં આવ્યો છે. સરકારે ઓઈલ કંપનીઓને ખોટ પડતી હોવાનું કારણ ધરીને તેમને ખુલ્લા બજારમા મુકી દીધી છે.સરકારને સામાન્ય પ્રજાનું હિત હૈયે હોય તેમ લાગતું હોય તો તેમણે તાત્કાલિક ધોરણે ટેક્ષમાં ફેરફાર કરીને જનતાને રાહત આપવી જોઈએ.જો કે હાલ પુરતું સરકારનું મૌન અકળાવી રહ્યું છે. કદાચ એમ પણ બને કે સરકાર તરફથી છેલ્લું બજેટ જે રજુ કરવામાં આવે તેમાં એવી અસંખ્ય રાહતની જાહેરાતો કરીને લોકોના મનમાં લાગણીઓ ઉભી કરવાનો પ્રયત્ન કરવામાં આવે તેવું બનવાની શક્યતાઓ છે.અર્થતંત્રની ગાડી ક્યારે પાટા પરથી ઉતરી જાય તે નક્કી નથી.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## ખાસ પ્રાર્થના -વિનંતી



નવક્રાંતિ સાપ્તાહિકના તંત્રી તેમજ ગરવી નવક્રાંતિ સાપ્તાહિકના મુદ્રક,પ્રકાશક શ્રી રોબિનભાઈ ધોળકીયાના સ્વાસ્થમાં સુધારો આવેલ છે.માટે પ્રભુ પિતાનો આભાર.

તેમને માટે તમારી વ્યક્તિગત અને કૌટુંબિક પ્રાર્થનામાં ધરી રાખશો જેથી તેમને સંપુર્ણ સ્વાસ્થ પુન : પ્રાપ્ત થાય.આ ઉપરાંત જે મિત્રો,શુભેચ્છકોએ સંદેશાઓ પાઠવ્યા છે અને પ્રાર્થનાઓ માટે વચન આપ્યા છે તે તમામનો આભાર માનીએ છીએ.

નવક્રાંતિ તથા ગરવી નવક્રાંતિ પરિવાર


## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# જ્યાં ધાર્મિક સતાવણી થતી હોય તેવા દેશોને સહાય આપવા સામે બાર્નાબાસ ફંડે સવાલો ઉઠાવ્યા

barnabasfund
hope and aid for the persecuted church

બાર્નાબાસ ફંડ એક વિશ્વ સ્તરીય એનજીઓ છે જે સખાવતી કાર્યો કરે છે.તેમણે યુકે સરકારને વિનંતી કરી હતી કે તેઓ જે દેશોને સહાય કરે છે તે સહાય ખરેખર તેમના માટે બંધ કરવી જરુરી છે કે જેથી તેમને ત્યાં ચાલતા અમાનવતાવાદી કૃત્યો તેમજ ધાર્મિક સ્વાતંત્રતાના મુદ્દે થતી સતાવણી રોકી શકાય.બાર્નાબાસ ફંડે જણાવ્યું હતું કે મીલીયન્સ ઓફ પાઉન્ડ ઈરીટ્રેરા, સુદાન અને પાકિસ્તાનને સહાય પેટે આપવામાં આવે છે.જ્યાં ખ્રિસ્તી ખુબજ મુશ્કેલીભર્યું જીવન જીવી રહ્યા છે કારણે તેઓ ખ્રિસ્તી ધર્મમાં આસ્થા ધરાવે છે.ઈરીટ્રેરાએ ગત વર્ષમાં ૩ મીલીયન પાઉન્ડ સહાય પેટે મેળવ્યા હતા.બાર્નાબાસે ફંડે જણાવ્યું હતું કે ત્યાંની સરકાર જ ખ્રિસ્તીઓની મુખ્ય સતાવણી કરનાર બળ છે.ખ્રિસ્તીઓ લોખંડના શીપીંગ કંટેનરોમાં પુરી દઈને માનસિક ત્રાસ આપવામાં આવે છે. અને તેમને ધર્મ પરિવર્તન કરવા માટે મજબુર કરવામાં આવે છે.

સુદાનને ૩૨મીલીયન પાઉન્ડ ગત વર્ષે સહાય પેટે અપાયા હતા.અહીયા પણ સરકાર ખ્રિસ્તીઓની સતાવણીનું મુખ્ય પ્રેરક બળ છે.બાર્નાબાસ ફંડે અહીયાથી હજારો ખ્રિસ્તી મહિલાઓ અને બાળકોને સતાવણીમાંથી ઉગારવા સ્થળાંતર કરાવ્યું હતું.

પાકિસ્તાનમાં પણ ખ્રિસ્તીઓની સતાવણી એક ગંભીર બાબત છે.ધર્મનિંદાનો કાયદોનો દુરપયોગ કરીને કટ્ટરવાદીઓ ખ્રિસ્તીઓની સતાવણી કરી રહ્યા છે.ખોટા આરોપો મુકીને હુમલા કરવામાં આવે છે,ખોટા આરોપો મુકીને લાંબા જેલવાસમાં ધકેલી દેવામાં આવે છે.તેમજ મૃત્યુદંડની શિક્ષા કરવામાં આવે છે. હજુ સુધી કોઈપણ વ્યક્તિ આ ગુનામાંથી બહાર નીકળી શક્યા નથી.ખ્રિસ્તી મહિલાઓ પાકિસ્તાની પુરુષો દ્વારા સતાવણીનો ભોગ બનાવાય છે.જેઓ તેમને જબરજસ્તીથી ધર્મપરિવર્તન કરવા મજબુર કરે છે.ખ્રિસ્તીઓની ફરિયાદો થોડીક સંભળાય છે પરંતુ મોટા ભાગના લોકો અદાલતમાંથી હેમખેમ છુટી જાય છે.આ બધા માનવઅધિકારોના ભંગ છતાં પાકિસ્તાને ૨૧૧મીલીયન પાઉન્ડની સહાય ગત વર્ષે યુકે પાસેથી મેળવી હતી.બાર્નાબાસ ફંડની ફરિયાદોના અનુંસંધાનમાં ડીપાર્ડમેન્ટ ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટે જણાવ્યું હતું કે સરકાર જયારે કોઈપણ પ્રકારની મદદ કરતી હોય ત્યારે માત્ર માનવઅધિકારનું હનન જોતી નથી.એ ઘણા બધી બાબતોને લક્ષમાં લઈને મદદ કરતી હોય છે.તેથી તેમનું આંકલન ખોટું છે.બાર્નાબાસ ફંડ કહ્યુ હતું કે યુકેની પુરેપુરી સહાય બંધ કરવી જોઈએ નહી જ્યાં ખ્રિસ્તીઓની સતાવણી કરાઈ રહી છે. અને તેમ કરવાથી ખરાબ પરિણામ પણ આવી શકે છે.

# અમદાવાદમાં કેન્દ્રીય ગૃહમંત્રાલયના રાજભાષા વિભાગ દ્વારા રાજભાષા સંયુક્ત સંમેલન યોજાયું





મધ્ય અને પશ્ચિમ ક્ષેત્રનું રાજભાષા સંમેલન અમદાવાદ ખાતે યોજાયું હતું.કેન્દ્રીય ગૃહમંત્રાલયના રાજભાષા વિભાગ તરફથી આ સંયુક્ત સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.સંમેલનની અધ્યક્ષતા ગૃહમંત્રાલયના રાજભાષા વિભાગના સંયુક્ત સચિવ શ્રી ડી.કે પાંડેએ કરી હતી.આ સંમેલનમાં મધ્ય અને પશ્ચિમ ક્ષેત્રના ૨૦૧૧-૧૨ના વર્ષ માટે ક્ષેત્રીય રાજભાષા પુરસ્કાર આપવામાં આવ્યા હતા.આ સંમેલનમાં મહારાષ્ટ્ર,ગુજરાત,ગોવા,મધ્યપ્રદેશન,રાજસ્થાન,છત્તીસગઢ,તથા કેન્દ્ર શાસિત પ્રદેશો દમણ,દીવ,દાદરા અને નગરહવેલીમાં આવેલ કેન્દ્ર સરકારના કાર્યાલયો,ઉપક્રમો,બેંકો તથા રાજભાષા સમિતિઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.ગૃહમંત્રાલયના રાજભાષા વિભાગના સંયુક્ત સચિવશ્રી પાંડે પોતાનું વ્યક્તવ્ય આપી રહ્યા છે.(પીઆઈબી)

નેબ્રાસ્કામાં ચર્ચમાં છીંક ખાવા પર પ્રતિબંધ છે.
હાથના નખ પગના નખ કરતાં ચાર ગણી ઝડપથી વધે છે.
માણસના શરીરની ચામડીનું વજન કુલ વજનના સોળ ટકા જેટલું થવા જાય છે.


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

ગીડીયોન પોલ પરમાર

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

## માનસિકતાને બદલો !

દિલ્હીમાં ૧૬મી ડીસેમ્બરના રોજ થયેલા ક્રુર સામૂહિક દુષ્કર્મ બાદ મહિલાઓને યૌન હુમલાથી બચાવવા માટે સમાજમાં આવેલી નવી જાગૃતિનાં સારાં પરિણામ જોવા મળ્યાં છે. જસ્ટિસ વર્મા કમિટિએ તેના ઉપાયો પર અમલીકરણની એક વિગતવાર યાદી સરકાર અને સમાજ સામે મૂકી છે. સરકારે તેમાંની અનેક ભલામણો પર અમલીકરણની શરૂઆત પણ કરી દીધી છે. તેમ છતાં માત્ર વહીવટી કે કાયદાલક્ષી પગલાંથી મહિલાઓ સલામત બની જશે તેવી આશા આધારવિહોણી છે. કેમ કે આ સમસ્યાનાં મૂળિયાં ઘણાં ઊંડાં છે. દુષ્કર્મ કે યૌન ઉત્પીડન તેનો માત્ર એક પક્ષ છે. મુદ્દો એ છે કે જન્મથી પહેલાં છોકરીના જીવનું જોખમ હોય છે. જન્મ બાદ પમ પરિવારમાં તેને બીજો દરજ્જો આપવામાં આવે છે અને ત્યાર બાદ તેને જીવન દરમ્યાન જે અત્યાચારોનો સામનો કરવો પડે છે, તેનાથી માત્ર વહીવટી ઉપાયથી મુક્તિ અપાવી શકાય નહિ. આ મુદ્દે જ્યારે આપણે ધ્યાનથી વિચારીએ છીએ ત્યારે એક જ નિષ્કર્ષ પર પહોંચીએ છીએ કે, ખામી કાયદામાં નહિ પરંતુ તેના અમલીકરણમાં છે. અમલ એટલા માટે થતો નથી, કેમ કે મહિલાઓ પર અત્યાચારને ક્યાંકને ક્યાંક સામાજિક માન્યતા મળતી રહે છે. મહિલાઓની સલામતીનો પડકાર કેટલો મોટો છે, તેનો એક અંદાજ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ્ઝ બ્યૂરોના આંકડાથી જોવા મળે છે. આ વાસ્તવિકતા કોઈ પણ લાગણીશીલ વ્યક્તિને ચિંતિત કરી શકે છે. વર્ષ ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧માં કન્યા ભ્રૂણ હત્યાના ક્રમશઃ માત્ર ૧૨૩, ૧૧૧ અને ૧૩૨ કેસ જ નોંધાયા છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે આ અપરાધ ઝડપથી આગળ વધ્યો છે. પરિણામસ્વરૂપે, ૨૦૦૧માં છ વર્ષથી ઓછી ઉંમરની દર ૧૦૦૦ છોકરાઓની સામે છોકરીઓની સંખ્યા ૯૨૭ હતી, જ્યારે ૨૦૧૧માં આ સંખ્યા ૯૧૪ થઈ ગઈ છે. તેમ છતાં કન્યા ભ્રૂણહત્યા અટકાવવામાં કેસની સંખ્યા વધી નથી. એટલે એટલું તો પાકું છે કે આ અપરાધમાં સમાજનો એક મોટો વર્ગ સામેલ છે. એ પણ વાસ્તવિકતા છે કે દુષ્કર્મ હોય કે કામકાજના સ્થળે છેડતી કે પછી ઘરેલુ હિંસા, તેનો ભોગ બનેલી મોટાભાગની મહિલાઓ સામાજિક કે આર્થિક મદદના અભાવમાં સંબંધિત કાયદાનો લાભ લઈ શકતી નથી. સમસ્યાનું સમાધાન સજાની સખત જોગવાઈમાં નહિ, પરંતુ આપણા સૌની માનસિકતામાં છુપાયેલું છે. (સૌઃગુ.સ.)

## આજે ઉમદા વિચારસરણી ધરાવતાં મનુષ્યોની તાતી જરૂર છે

બળાત્કારનો ભોગ બનીને મોતને વરેલી દામીની (નીર્ભયા) ની વસમી વિદાય બાદ દેશભરમાંથી એવી માંગ ઉઠી છે કે મહિલાઓના રક્ષણ માટે કડક કાયદાઓ, કડક દંડ અને કડક સજાની સરકાર દ્વારા જોગવાઈ કરવામાં આવે. કેટલાક લોકોએ તો ગુનેગારને ફાંસીની સજા આપવાની પણ દરખાસ્ત કરી છે. કેટલીક મહિલા સંસ્થાઓએ તથા કર્મશીલ મહિલાઓએ પોલીસતંત્રમાં વધુ સંખ્યામાં મહિલા પોલીસોની ભરતી કરવાનું સૂચન કર્યું છે.તેઓ એમ માને છે કે મહિલા પોલીસો પુરુષ પોલીસો કરતાં સ્ત્રીઓ પ્રતિ વધુ સહાનુભૂતી દર્શાવતી હોઈ તેઓ તેમનું રક્ષણ કરવામાં વધુ કામિયાબ નીવડશે અને એ રીતે સમાજમાં મહિલાઓ વધુ સલામતી ભોગવી શકશે.

મહિલા સુરક્ષા અંગેનાં ઉપરોક્ત સૂચનો ને દરખાસ્તોની અવગણના કરી શકાય નહિ પરંતુ, એ સૂચનો અને દરખાસ્તો પર્યાપ્ત નથી. સૌ પ્રથમ તો મહિલા સુરક્ષા/ સન્માન એ આપણે માટે જીવનમૂલ્ય તથા જીવનરીતિ બની રહે તો જ સમાજમાં મહિલા સુરક્ષા સ્થપાય અને કાયમી ધોરણે સચજવાઈ રહે એ નિર્વિવાદ છે અને એ માટે ‘લોકશિક્ષણ’ (માઈન્ડ સેટ બદલાવ)ની તાતી જરૂરિયાત છે. આ પ્રકારનું શિક્ષણ આપણ સહુને ઘરમાં ગળથૂથિમાંથી અને ત્યાર બાદ પ્રાથમિક શિક્ષણમાંથી મળવું જોઈએ. ઘરે પોતાના કુટુંબમાં દીકરીઓને દીકરાઓ કરતાં નીચું સ્થાન અપાતું હોય, સારસંભાળ અને ઉછેરમાં ભેદભાવ રખાતો હોય તો સંતાનોમાં ગળથૂથિમાંથી જ લિંગભેદભાવનાં બીજ રોપાશે અને તેમનામાં સ્ત્રી સન્માનની ભાવના પેદા થશે નહિ અને આગળ જતાં મોટી વયે તેમનામાં પ્રસ્તુત બાબતે અન્ય દુષણોનો ઉમેરો થશે.

મહિલા પોલીસો મહિલાઓ પ્રતિ સંવેદનશીલ હોય એવી માન્યતા પણ ફેરવિચારણા માગી લે છે. દીકરીને જન્મ આપતો અટકાવવા (ભ્રૂણહત્યા) માટે ઘણીયે વાર મહિલાઓ (સાસુ, વહુ) પોતે જવાબદાર હોય છે અને પૈસા તથા કીર્તિની લાલચે સૌંદર્ય સાધનોની જાહેરાતોમાં તથા ફિલ્મોમાં અંગપ્રદર્શન માટે પણ છેવટે તો મહિલાઓ જ જવાબદાર ગણાય. એટલે તો મહિલાઓના રક્ષણાર્થે તથા મહિલાઓનું સમાજમાં માન-સન્માન અને ગૌરવ સ્થપાય, જળવાય, તેનું સંવર્ધન થતું રહે એ માટે એવી ઉમદા વિચારસરણી તથા ભાવના ધરાવતાં મનુષ્યો (પછી ભલે ને એ પુરુષો હોય કે સ્ત્રીઓ) ની સમાજમાં વ્યાપક હયાતિની જરૂર છે.

ફાધર વિલિયમ

# બાળ અધિકાર રેલી દિલ્હીમાં યોજાઇ




સરકારને તેમના આપેલા વચનો મુજબ ૨૦૧૫ થી ૨૦૨૫ દરમિયાન ગરીબી નિવારણ યાદ દેવડાવવા અને તેમની જવાબદારી પ્રત્યે સભાનતા લાવવા દિલ્હી ખાતે એક બાળ અધિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.રેલીમાં દેશભરમાંથી દસ હજાર બાળકો ભાગ લેવા આવ્યા હતા.અને તેમણે દિલ્હીની સડકો પર તેમના અધિકારા જેવાં કે ફન્ડામેન્ટલ રાઈટ્સ,શિક્ષણનો અધિકાર,આરોગ્યનો અધિકાર બાબતે માંગણી સાથે માર્ચ કરી હતી.તેમના અધિકાર બાબતે સરકાર જાગૃતતા કેળવે એવો તેમનો અભિગમ રહ્યો હતો.લીસ ગ્રેન્ડી, જેઓ યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ,ના રેસીડેન્ટ રીપ્રેઝન્ટેટીવ છે તેમણે જણાવ્યું હતું કે આપણે બાળકોને તેમની માંગણીઓ સરકાર પાસે માગે માટે સતત જાગૃત કરતા રહેવાનું છે.તેમણે ભેગા થયેલ લોકો સમક્ષ પોતાનું મંતવ્ય જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું કે આવતા મહિને મળનાર ઈન્ટરનેશનલ એસેમ્બલી,યુએન તેઓ બાળકોના સુચનો અને તેમની માંગણીઓ બાબતે તેમને કેસ રજુ કરશે.પબ્લીક ડે માર્ચ,જેને નાઈન ઈઝ માઈન દ્વારા યોજવામાં આવ્યો હતો.આ સંસ્થા બાળકોના અધિકારો માટે કાર્ય કરે છે.તેમજ સરકારના કોમન મીનીમમ પ્રોગ્રામ,જેમાં ન ટકા જીડીપી શિક્ષણ અને આરોગ્ય માટે ફાળવેલા છે તે તરફ ધ્યાન રાખે છે.આ માટે ત્રણ દિવસીય નેશનલ ચીડ્રન કન્સ્લટેશન યોજવામાં આવ્યું હતું જે સેંટ કોલંબસ સ્કુલ,દિલ્હી ખાતે યોજાયું હતું.કરણ ભગત, જેઓ બાળ અધિકારોના લડત માટેના અગ્રણીએ તેઓએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં ભાગ લેવા ૧૪ રાજ્યોમાંથી બાળકો આવ્યા હતા. તેમજ એક રાજ્યે ૯ બાળ પ્રતિનિધિઓને મોકલ્યા હતા.તેઓ જુદી જૂદી જગ્યાએથી આવ્યા હતા.ગ્રામીણ ગરીબોમાંથી, આદીવાસીઓ,લઘુમતી સમુદાય કે સમાજને સાચો અરિસો બતાવી શકે એવી જગ્યાઓથી અહીંયા આવ્યા હતા.

આ ચર્ચા દરમીયાન તેમણે જે પેપર રજુ કર્યું હતું તે પ્રમાણે હાલમાં ભારતમાં તેના જીડીપીના ૪ ટકા શિક્ષણ માટે,૧.૪૫ ટકા આરોગ્ય માટે ફળવાય છે જે વિશ્વમાં સૌથી ઓછી ટકાવારી છે.કોઠારી કમિશનના મતે આ ટકા ૬ ટકા શિક્ષણ માટે અને ૫ ટકા આરોગ્ય માટે હોવા જોઈએ જેને ૧૯૮૬માં ‘હુ ‘દ્વારા સુચવાયું હતું.

લેસ્લી લુઈસ મ્યુઝીક કંપોઝર દ્વારા બાળકોને સંગીત પીરસાયું હતું. જેમાં તેમણે ‘ચીલ્ડ્રન આર ધ ફુયુચર ઓફ ધ નેશન’પોતાનું સંગીત આપ્યું હતું.તેમાં જણાવાયું હતું કે તેમની માંગણીઓ પુરી થશે તો દેશની પ્રગતિ થશે. લેવીસ જાણીતા ગાયક છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

E.mail : Shalemmburo@gmail.com


| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ,<br>નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી,<br>નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ),<br>અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની,<br>બહેરામપુરા,અમદાવાદ.૨૨ |

# વિકાસનું મોડલ કે સૌથી ગરીબ જિલ્લો?

૨૦૧૨નો પ્રજાસત્તાકદિન ગુજરાત સરકારે ડાંગના જિલ્લામથક આહવામાં ઉજવ્યો. રાજ્ય સરકારની જાહેરાતોમાં અલબત્ત ડાંગનું વર્ણન '૬૪મું પ્રજાસત્તાક પર્વ દંડકારણ્ય પ્રદેશ ડાંગમા' એવા શબ્દોમાં કરવામાં આવ્યું હતું. આ પહેલાં ડાંગમાં જ્યારે ધર્મપરિવર્તનનો વિવાદ છેડાયો ત્યારે વનવાસ દરમ્યાન અહીં ભગવાન રામે શબરીનાં એઠાં બોર ખાધાં એ કથની અખબારોમાં ખૂબ ચગી હતી અને વિવાદના ભાગીદાર થવા કોંગ્રેસ અને ભાજપના ટોચના નેતાઓ ડાંગ આહવા આવ્યા હતા એ ડાંગ દેશના મીડીયામાં ચમકી ગયું હતું. શબરી મેળો યોજાયો હતો.

ડાંગ બે રીતે નોંધપાત્ર છે. એક તો ડાંગનું જંગલ રાજ્યનું સૌથી ઘનિષ્ઠ જંગલ છે. બીજી રીતે જોઈએ તો ગુજરાતના જંગલવિસ્તારોના વનવિભાગે જે ડીવીઝનો પાડ્યાં છે એમાં ડાંગનું જંગલ જ વનવિભાગનો એકમાત્ર કમાઉ દીકરો છે. થોડાં વરસ પહેલાં માહિતી અધિકાર નીચે આ અંગે પ્રશ્ન પૂછાયો ત્યારે સરકાર તરફથી મળેલા જવાબમાં એવું ફલિત થયું છે કે કર્મચારીઓ અને બીજો બધો ખર્ચ કાઢતાં ડાંગના જંગલ વનવિભાગને ૨૦૦૮-૨૦૦૯માં વીસ કરોડ રૂપિયા જેટલી કમાણી કરી આપી છે. આ હિસાબે રાજ્યને ૨૦૦૪-૦૫ થી ૨૦૦૮-૦૯ એમ પાંચ વરસમાં ડાંગના જંગલે રૂ. ૭૩ કરોડ કમાઈ આપ્યા છે. આ પ્રજાસત્તાકદિને ડાંગમાં રૂ.૭૨ કરોડના ખર્ચે પૂરાં થયેલાં આહવા જનરલ હોસ્પિટલ, આહવા સરકારી શાળાનું મકાન વગેરેનું ઉદ્દ્ઘાટન કરાયું હતું અને બીજા રૂ.૧૮૦ કરોડનો પ્રોજેક્ટનો અમલ વિવિધ કક્ષાએ હોવાની કલેક્ટરે માહિતી આપી. એટલે કે ડાંગના પહાડો અને જંગલવિસ્તારવાળા ડાંગમાં રૂ ૨૫૦ કરોડનાં કામો કરાશે.

આ જાણકારી થયા પછી એ ન સમજાયું કે ડાંગ જિલ્લામાં આટલો બધો વિકાસ થવા છતાં આદિવાસી કર્મશીલ શિવરામના ગામથી આહવા સુધીના રસ્તાની માગણી માટે કાળા વાવટાનું પ્રદર્શન કરવાની કેમ જરૂર પડી હશે?

ડાંગમાં પૂર્ણાનદી વહે છે. એટલે અડધું ડાંગ જે ડુંગરાળ વિસ્તાર નથી તે ખેતીની અને વિકાસની દષ્ટિએ ઠીક સ્થિતિમાં છે જ્યારે ડાંગનો બીજો ડુંગરાળવિસ્તાર અત્યંત અવિકસીત છે. ત્યાંની વસ્તીના સારા એવા ભાગને દ.ગુજરાતનાં ખાંડનાં કારખાનાંમાં મજૂરી ઉપર જ ગુજારો કાઢવો પડે છે. આર્થિક દષ્ટિએ ડાંગ કંગાળ હાલતમાં જીવે છે. ૨૦૦૪-૦૫ની સાલના એક રાષ્ટ્રીય સર્વેક્ષણના ૬૧મા રાઉન્ડમાં બધાં રાજ્યોના અને જે તે રાજ્યના જિલ્લાઓના માથાદીઠ માસિક ખર્ચની વિગતો પ્રસિદ્ધ કરતો અહેવાલ પ્રસિદ્ધ કરાયો હતો. એ સર્વેક્ષણ પ્રમાણે સૌથી ઓછો માથાદીઠ ખર્ચ ડાંગ જિલ્લાનો છે. ડાંગમાં શહેરીવિસ્તાર તો છે જ નહિ એટલે આ પત્રક પ્રમાણે ડાંગનો માથાદીઠ માસિક ખર્ચ રૂ.૩૪૯ હતો એટલે રોજના સાડા અગિયાર રૂપિયા ખર્ચ થયો અને જિલ્લાની ૮૮ ટકા વસ્તી ગરીબ બતાવી છે. જ્યારે બીજી તરફ ગાંધીનગરનો આ આંકડો રૂ.૨૪૨૨ છે. એટલે દૈનિક રૂ.૮૦. આનો અર્થ એ થયો કે ગુજરાતનું તંત્ર ગુજરાતને 'વિકાસનું મોડલ અને ભારતના અર્થતંત્રનું ચાલકબળ' ગણાવે છે. એ જ ડાંગ જિલ્લો ભારતનો સૌથી ગરીબ જિલ્લો છે. વિકાસની આ પશ્ચાદભૂમિમાં એક વધુ વાત ધ્યાનમાં લેવા જેવી છે કે આ જ ડાંગ જિલ્લો એ વાંસના ઉત્પાદનમાં મોખરે છે. દેશના વિકાસમાં અત્યારે આયોજનપંચના અંદાજ પ્રમાણે વાંસ રૂ. ૨૦૪૩ કરોડનું આર્થિક યોગદાન આપે છે અને આયોજનપંચનો અંદાજ છે કે ૨૦૧૫ સુધીમાં વાંસનું આર્થિક યોગદાન ૨૬ હજાર કરોડ રૂપિયાનું થશે. ભારતમાં વાંસનું વાવેતર ૩૦ લાખ હેક્ટરમાં થાય છે અને અંદાજે ૧૬ કરોડ મેટ્રિક ટન ઉત્પાદન કરાય છે.

૨૦૧૨માં ભારતના વનમંત્રાલયે 'જંગલ અધિકાર'ના કાયદામાં સુધારો કરી વાંસને ગૌણવન પેદાશની યાદીમાં મૂક્યું છે. આ પહેલાં વાંસ મુખ્ય વનપેદાશ ગણાતું હોવાથી પેપર મિલો - દેશની કાગળ ઉત્પાદનની દષ્ટિએ રાજ્ય સરકારો પાસેથી વાંસ કાપવાનો ઈજારો રાખી લેતી હતી. હવે ૨૦૧૨માં એને ગૌણવન પેદાશની યાદીમાં મૂક્યા પછી જંગલના ગામડાની ગ્રામસભાને વાંસનો વિકાસ કરવાની શરતે પંચાયત થકી વાંસના કાપવાના અને ઉછેરવાના અધિકાર મળ્યા છે, પણ હજુ રાજ્યોના વનઅધિકારીઓ આવા અધિકારો આપવામાં પારાવાર અંચાઈ કરે છે અગર તો ગ્રામસભાના નામે ગ્રામવન સમિતિ બનાવી આડકતરો પોતાનો જ અધિકાર રાખે છે. ડાંગમાં વાંસ પણ ગામડાના વિકાસનું ઝડપી હથિયાર બની શકે તેમ છે. અલબત્ત પેપર મિલો આડેધડ કાપણી કરે છે. આવું જ વનવિભાગે અગાઉ જંગલનાં વૃક્ષોની ગ્રામ અને વનવિભાગની સહિયારી સાચવણી યોજનામાં કરેલું. આવી સહિયારી સાચવણી કરનારાં ગામોને એનો હિસ્સો આપવામાં પણ વનવિભાગ અંચાઈ કરે છે.

ડાંગ જિલ્લો રાષ્ટ્રનો સૌથી ગરીબ જિલ્લો કેમ રહ્યો ? અર્થ એટલો જ કે વિકાસની વાત વધુ છે અને જમીનપરનો અમલ બહુ ઓછો થયો છે. આપણે સુવિકસિત ડાંગની પ્રજાસત્તાકદિનની ઉજવણી કરવા માટે હજુ કેટલી રાહ જોવી પડશે ? જ્યારે દંડકારણ્ય ડાંગના આદિવાસીની માથાદીઠ ખર્ચ કરવાની શક્તિ પડોશી વલસાડ જિલ્લા જેટલી થશે ત્યારે ગુજરાતનો સાચો વિકાસ થશે. અત્યારે તો ડાંગને સમૃદ્ધ સાપુતારામાં જ વિલીન થયેલું માની ચાલવું પડશે! સાપુતારા ગિરિમથકને વિકસાવવા પ્રવાસનવિભાગે જેટલું ધ્યાન આપ્યું એટલો વિકાસ ડાંગના ગ્રામજનો માટે થયો હોત તો ગિરિમથકની શોભા ઔર વધી જાત !

લેખકઃ સનત મહેતા

(સૌ.દિ.ભા)


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# માલીમાં ચાલતા સંઘર્ષે અનાજની તંગી પેદા કરી



ક્રિશ્ચિયન એઈડસના જણાવ્યા પ્રમાણે માલી ચાલી રહેલા સંઘર્ષને કારણે અનાજ અને ખોરાકની બાબતોની તંગી પેદા થઈ છે.જે ગંભીર બની શકે છે.યુનાઈટેડ નેશન્સના આંકડાઓ મુજબ બે લાખ લોકોએ સ્થળાંતર કર્યું છે.ક્રિશ્ચયન એઈડ કન્ટ્રી ડાયરેકટર,યાકોબા કોનીના જણાવ્યા પ્રમાણે સ્થળાંતર નું પ્રમાણ હજુ પણ વધવાનો સંભવ છે.તાજેતરમાં ઉભી થયેલ અન્નની અછત દેશભરના ૧૮ મીલીયન લોકોને વેઠવી પડશે.તેથી ઘણા બધા લોકો નોર્થમાં ભાગી છુટવા પ્રયત્ન કરશે.શાકભાજીનું ઉત્પાદન ઘટી ગયું છે.જેથી બાળકોને પોષણક્ષમ્ય આહારની અછત ઉભી થઈ છે.

યુનાઈટેડ નેશન્સના મતે ૪.૨ મીલીયન લોકો માટે માનવતાના ધોરણે તેમને માટે વ્યવસ્થાઓ કરવી પડશે.કેટલાક માલીયન લોકો તેમના પાડોશી દેશોમાં ભાગી છુટ્યા છે.બુરકીના ફાસો અને નાઈજરમાં ભાગી છુટેલા લોકો હિંસાના કારણે દેશ છોડી ગયા છે.ક્રિશ્ચિયન એઈડ અને તેમની સહયોગી સંસ્થાઓ મારફતે માનવતાના ધોરણે લોકોને પીવાના પાણી અને ખોરાકની વ્યવસ્થા કરાઈ રહી છે.માલી માટે લાંબા ગાળાની વ્યવસ્થા અને આયોજન કરવાની જરુર છે.નહિતર સમગ્ર લોકો દુકાળના ભરડામાં આવી જશે.કોનીએ જણાવ્યું હતું કે કેટલાક ટાઉઆરગી અને આરબ કોમ્યુનીટીને માલી ટ્રુપ દ્વારા નિશાન બનાવાઈ રહ્યા છે.તે ભુતકાળમાં બનેલ ઘટનાના બદલા સમાન છે.જે લોકો ઘર્ષણ માટે જવાબદાર છે તે તમામે એ બાબતનો ખ્યાલ રાખવો જોઈએ કે સામાન્ય નાગરિકને તેનાથી હાનિ ન પહોચે,જેમાં ખાસ કરીને મહિલાઓ અને બાળકોનું ધ્યાન રાખવામાં આવે.મદદ માટે કાર્ય કરતી સંસ્થાઓના કાર્યકરો ની સલામતી બાબતે પણ ધ્યાન રાખવું જોઈએ.

# જાણવા જેવું !

નેધરલેન્ડમાં ચલણી નોટો પર અંધજનો પારખી શકે માટે બ્રેઈલ લીપીમાં રકમ લખેલી હોય છે.ઈઝરાયેલ અને સ્વીઝરલેન્ડમાં પણ આ પ્રકારની ચલણી નોટો ચલણમાં છે.

એક વૃક્ષમાંથી આશરે ૪૦૦ જેટલાં સમાચાર પત્રો બની શકે તેટલો કાગળ મળે છે.

એમ્બ્યુલન્સની પહેલવહેલી ડીઝાઈન બેરોન ડોમિનિક જીન લેરી દ્વારા કરવામાં આવી હતી.

ડુંગળી કાપતી વખતે ચુંઈગમ ચાવવાથી આંખમાંથી પાણી નિકળતું નથી

ચંદ્ર ૮૧ કરોડ ટન વજન ધરાવે છે..

# યુવાનો તેમના જીવનમાં તાલમેલ દાખવી શકતા નથી

૧૦ નવયુવાનો પૈકીનો એક નવયુવાન તેના રોજીંદા જીવનમાં તાલમેલ દાખવી શકતો નથી. તેવું પ્રીન્સ ટ્રસ્ટે જણાવ્યું હતું. નીટની પાચમી વાર્ષિક ઈન્ડેક્ષ દરમિયાન જાણવા મળ્યું હતું. (યુવાનો જેઓ બેરોજગાર છે,શિક્ષણ કે તાલીમ માં નથી)પૈકીના યુવાનો જીવનમાં અધુરપની લાગણી અનુભવે છે.આ સર્વે ૨૦૦૦ જેટલા યુવાનો જેઓ ૧૬ થી ૨૫ વર્ષની આયુના છે તેમના પર કરવામાં આવ્યો છે.૨૭ ટકા યુવાનો જેઓ કામ કરતા હતા તેઓ ડીપ્રેશ હતા.અને આ ટકાવારી વધી પણ શકે છે ૪૮ ટકા સુધી પહોચી શકે છે.બેરોજગાર યુવાનોમાં હતાશાનો વ્યાપ વધુ હતો.જેમને વધુ માહિતી અને મદદની જરુર હતી.આપણે આવા લોકોના જીવનો ટ્રેક ઉપર લાવવા મદદ કરીશું.

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.